**મહે. વિરમગામના બીજા જ્યુ. મેજિ. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.વિરમગામ, જિ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નંબર : ૧૧૯૦/૨૦૨૨**
**આંક : ૦૪**

**ફરિયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : સાદીકમહંમદ અબ્દુલકરીમ તાઈ**

**ગુન્હો : એમ. વી. એકટની કલમ– ૨૦૭ તથા ૧૭૭ મુજબ**

**– : : જજમેન્ટ : : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી ઉપર એમ. વી. એક્ટની કલમ–૨૦૭ તથા ૧૭૭ મુજબના ગુનાની ફરિયાદ રજૂ રાખવામાં આવેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થઈ **આંક–૦૨** થી પુરસીસ આપી ગુનાની સ્વૈચ્છીક કબૂલાત કરેલ છે. તેઓને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ઈચ્છે તો વકીલ રોકી પોતાનો બચાવ કરી શકે છે, પરંતુ તેઓની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે ગુનો કબૂલ હોવાનું જણાવી ગુનાની સ્વૈચ્છીક રીતે કબૂલાત કરેલ છે.

(૩) આમ, કેસની હકીકત, આરોપીની કબૂલાત પુરસીસ તેમજ જવાબને ધ્યાને લેતાં પ્રોસિક્યુશન પોતાનો કેસ પુરવાર કરવામાં નિ:શંકપણે સફળ રહેલ છે. સદરહુ એમ. વી. એક્ટની અંદર ઓછામાં ઓછા દંડની જોગવાઈ .........ની કરવામાં આવેલ છે. પરંતુ જો અદાલત પાસે યોગ્ય અને વાજબી કારણો હોય તો અદાલત પોતાની મુનસુફી પ્રમાણે તેમાં દંડ કરી શકે છે. તેવી પણ જોગવાઈ કરવામાં આવેલ છે અને તે જોગવાઈને ધ્યાને લેતા તેમજ આરોપીની પુરસીસમાં જણાવેલ કારણોને ધ્યાને લેતાં હાલના કામના આરોપી **ડ્રાઈવિંગ**નો ધંધો કરે છે અને તેઓના ધંધાનો પ્રકાર અને આરોપીની કોર્ટ રૂબરૂની રજૂઆત ધ્યાને લેતાં તેઓ ખૂબ

જ નબળી આર્થિક સ્થિતિ ધરાવતા હોય અને કાયદામાં દર્શાવેલ ઓછામાં ઓછા દંડ ભરી શકવાને સક્ષમ ન હોય તેમજ પોતાનો પ્રથમ ગુન્હો હોય અને સ્વૈચ્છીક રીતે ગુન્હો કબૂલ રાખતાં હોય જેથી તેઓના ધંધાનો પ્રકાર અને આર્થિક સ્થિતિને ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ કરતો ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

આ કામના આરોપી **સાદીકમહંમદ અબ્દુલકરીમ તાઈ**નાઓને **મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૭ તથા ૧૭૭** મુબજના ગુના સબબ તકસીરવાન ઠરાવીને **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પૂરા)**નો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો **દિન–૨**ની સાદી કેસની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૧૮મી માહે–ઓકટોબર, સને–૨૦૨૨**ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૧૦/૨૦૨૨

મુ.વિરમગામ.

સહી/–
**બીજા એડિ. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
વિરમગામ.